ડીસામાં અઢી કરોડના ખર્ચે બનેલા

બગીચાને વિવાદનું ગ્રહણ

જમીનની ગૂંચ મામલે કોન્ટ્રાક્ટરનું પેમેન્ટ અટવાતા ખંભાતી તાળું
ડીસાવાસીઓ શિયાળામાં પણ અદ્યતન બગીચાની સવલતથી વંચિત

ડીસા, તા. ૨૫

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં હવાઈ પીલ્લર નજીક નગર પાલિકા દ્વારા ૨.૫ કરોડના માતબર ખર્ચે અદ્યતન નાનાજી દેશમુખ નામના બગીચાનું નિર્માણ કરવામાં આવ્યું છે. જે બગીચો શહેર માટે નવું નજરાણું પુરવાર થયો છે પરંતુ બગિચો જે જગ્યાએ બનાવાયો છે તે જગ્યા વિવાદિત બનતા બગીચાનું લોકાર્પણ અટવાયું હતું જો કે બાદમાં આ વિવાદિત બગીચાને લોકોએ ખુલ્લો મૂકી દેતા ડીસાવાસીઓને વર્ષોના સપના મુજબ એક આલીશાન અને સુંદર બગીચાની ભેટ મળી હતી. જેથી ડીસાના સીનીયર સીટીઝનો, બાળકો, યુવાનો, વ્રતધારી યુવતીઓ સહિત મહિલાઓ પણ અન્ય શહેરોની જેમ બગીચામાં હરવા ફરવા લાગી હતી પરંતુ કમનસીબે આ સુંદર બાગ રાજકીય કાવાદાવાનો ભોગ બની વિવાદમાં સપડાયો છે. વિવાદને કારણે બગીચો બનાવનાર કોન્ટ્રાકટરનું પેમેન્ટ પણ પાલિકા

દ્વારા ન ચૂકવવવામાં આવતા કોન્ટ્રાક્ટરે આ બગીચાને તાળું મારી દેતા ડીસાવાસીઓમાં રોષ વ્યાપી જવા પામ્યો છે. છેલ્લા છ માસ ઉપરાંતના સમયથી કોન્ટ્રાકટર દ્વારા બગીચાની બહાર એક બોર્ડ પણ મારી દેવામાં આવ્યું છે, જેમાં કામનું પેમેન્ટ બાકી લેવાનું હોઈ તાળું મારવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. જો કે કોન્ટ્રાકટર અને જમીનના વિવાદને લઈ આ સુંદર બગાચાને બંધ કરી દેવામાં આવતા ડીસાવાસીઓ માટે એકમાત્ર હરવા ફરવાની જગ્યા પણ બંધ થઈ જવા પામી છે જેનો રોષ સાથે આક્રોશ ઠાલવતા શહેરીજનો જમીન બાબતે પૂરતી ચોકસાઈ કર્યા વિના સરકારી જમીનમાં બગીચો બનાવી પ્રજાના કરોડો રૂપિયા આ રીતે વેડફી નાખવા બાબતે જવાબદાર સતાધીશો સામે કાર્યવાહી થાય તેવી પણ ઉગ્ર લાગણી સાથે બગીચો શહેરનું નજરાણું છે, ત્યારે શહેરના હિતને નજરમાં રાખી વાદ વિવાદ ફગાવી બાંધછોડ કરીને પણ ખુલ્લો મુકાય તેવી માંગણી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ડીસામાં ઘણા વર્ષો પહેલા ફુવારા સર્કલ નજીક પાલિકા દ્વારા જેશીશ બાગ બનાવવામાં આવ્યો હતો પરંતુ બાદમાં સાર સંભાળના અભાવે એ બગીચો લુખ્ખા તત્વોનો અડ્ડો બની જવા પામ્યો હતો. જેના કારણે આ બગીચાનું નામોનિશાન મટી ગયું છે જેવી અનેક વાતો સમગ્ર શહેરીજનોમાં ચર્ચાતી જોવા મળી રહી છે એટલું જ નહીં, પાલિકાની ગત ટર્મના પૂર્વ સત્તાધીશો દ્વારા ડીસાને વિકાસની દિશામાં લઈ જવાના અથાક પ્રયાસો કરવામાં આવ્યા હતા, જેમાં ડીસાના અંબિકા ચોકથી માર્કેટયાર્ડને જોડતો મુખ્ય માર્ગ પાલિકા દ્વારા લાખોના ખર્ચે નિર્મિત કરવામાં આવ્યો હતો જે પણ વિવાદમાં અટવાતા કોઈએ રાતો રાત ખેડી નાખતા પાલિકાના લાખો રૂપિયા વેડફાયા હતા. તે જ રીતે હવાઈ પીલ્લર નજીક અઢી કરોડના ખર્ચે બનાવવામાં આવેલ નાનાજી દેશમુખ બગીચો પણ વિવાદિત બનતા શહેરીજનોમાં કરોડો રૂપિયા વેડફાવા સાથે એક સારી સવલત છીનવાઈ જવાની દહેશત વર્તાય છે. તેમ છતાં આ વિવાદને છ મહિના ઉપરાંતનો સમય વીતવા છતા કોઈ જ પ્રકારની તપાસ પણ તંત્ર દ્વારા કરવામાં આવતી નથી જેનો શહેરીજનો ભારોભાર અફસોસ સાથે રંજ પણ વ્યક્ત કરે છે.

બાગને ઉજ્જડ બનાવવાનો કારસો

હાલમાં હાઈવે ઉપર ઓવરબ્રિજનું કામ પૂરજોશમાં ચાલી રહયું છે પરંતુ તેનો મોટાભાગનો કાટમાળ આ બગીચા આસપાસ ઠાલવવામાં આવતા પારાવાર ગંદકી ફેલાઈ જવા પામી છે. મતલબ કાર્યરત કરાય તે પૂર્વે બગીચાને વેરાન અને ઉજ્જડ બનાવવાનો કારસો રચાતા શહેરીજનોમાં તેના તીખા પ્રત્યાઘાતો પડવા પામ્યા છે, ત્યારે બગીચા આસપાસ કાટમાળ કોઈના કહેવાથી નંખાયો કે કેમ? તે પ્રશ્ન શહેરમાં 'ટોક ઓફ ધી ટાઉન' બનવા પામ્યો છે.

શહેરના નજરાણાને ખુલ્લો મુકવાની પ્રજા માંગ

વેપારી અને તાલુકા મથક ડીસાની ક્ષિતિજો ચોમેરથી વિસ્તરતી જાય છે, પણ જાહેર રસ્તા સાંકડા બનતા જાય છે તેમાં પણ સમ ખાવા પૂરતો સરદાર બાગ પણ સાંકડો બની ગયો છે, તેથી અન્ય શહેરોની જેમ ડીસામાં પણ અદ્યતન બગીચો બનાવવાની વર્ષોથી માંગ હતી. હવે જ્યારે શહેરીજનોની લાગણી મુજબ બગીચો બન્યો છે જે શહેરની શોભામાં પણ અભિવૃદ્ધિ કરે છે ત્યારે શહેરીજનોની જરૂરિયાત બની પડેલા આ બાગને યેનકેન પ્રકારે ખુલ્લો મુકવા શહેરના હિતેચ્છુઓ પણ આગળ આવે તે જરૂરી છે.

બનાસકાંઠામાં ફાસ્ટટેગનું રિહર્સલથી વાહનચાલકોમાં ઉગ્ર આક્રોશ

ટોલ નાકા ઉપર વાહનોની કતાર લાગી

કેન્દ્ર સરકારના આદેશ બાદ ટોલનાકા એ વાહનોમાં ફાસ્ટટેગ ફરજીયાત બનાવવામાં આવનાર છે. ત્યારે બનાસકાંઠામાં તેનું રિહર્સલ શરૂ કરાયું છે. જ્યાં રવિવારે ટોલનાકા ઉપર વાહનોની કતાર લાગી હતી. ચાલકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

કેન્દ્ર સરકાર દ્વારા ૧ ડિસેમ્બરથી ટોલ નાકાએ વાહનોમાં ફાસ્ટટેગ ફરજીયાત બનાવવામાં આવનાર છે. ત્યારે બનાસકાંઠામાં તેનું રિહર્સલ શરૂ કરાયું છે. જ્યાં રવિવારે ટોલનાકા ઉપર રિહર્સલ કરવામાં આવ્યું હતું. જેના પગલે વાહનોની કતાર લાગી હતી. અને ચાલકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. આ અંગે વાહન ચાલકોએ આક્રોશ પૂર્વક જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના આદેશ બાદ ફરજીયાત વાહન ચાલકોને બાનમાં લેવામાં આવી રહ્યા છે. ૧ ડિસેમ્બર પહેલા જ વાહન ચાલકોની કનડ ગત શરૂ કરી દેવામાં આવી છે. ટોલનાકા ઉપર એક કલાક સુધી રિહર્સલ કરવામાં આવતાં લાંબી કતારોમાં ઉભા રહેવું પડયું હતું.

પાલનપુરમાં થયેલી લૂંટનો ભેદ ઉકેલવા પોલીસે સીસી ટીવી ફુટેજની તપાસ હાથ ધરી

અજાણ્યા શખ્સો રૂપિયા ચાર લાખના દાગીના લઇ નાસી છુટ્યા હતા

પાલનપુરના ડીસા હાઇવે વિસ્તારમાં ગુરૂવારે મોડી સાંજે ગ્રાહકના દાગીના લઇને જઇ રહેલા પિતા- પુત્રના બાઇકને વાહનમાં આવેલા ચાર અજાણ્યા શખ્સોએ ટક્કર મારી આંખોમાં મરચાની ભૂકી નાંખી ૧૦ તોલા સોનાની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. આ લૂંટનો ભેદ ઉકેલવા માટે પોલીસે દિલ્હીગેટથી એરોમા વચ્ચેના સીસીટીવી કેમેરાની તપાસ હાથ ધરી છે.

પાલનપુર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની કથળતી જતી પરિસ્થિતિ ની પ્રતીતિ કરાવતી લૂંટની ઘટના સામે આવી છે. પાલનપુર શહેરના દિલ્હીગેટ વિસ્તારમાં આર. એસ. જવેલર્સનો શો રૂમ ધરાવતાં રાજુભાઇ સાંકાભાઈ પટેલ શો-રૂમ વધાવી તેમના પુત્ર સાથે ગ્રાહકના દસ તોલા સોનાના દાગીના થેલામાં લઈ ગુરુવારની રાત્રે બાઈક પર ઘરે જવા નીકળ્યા હતા. દરમિયાન, એરોમા સર્કલ નજીક નિસર્ગ હોન્ડા સામે વાહનમાં આવેલા ચાર અજાણ્યા શખ્સોએ બાઈકને ટક્કર મારતા પિતા- પુત્ર નીચે પટકાયા હતા.

જયાં ગાડીમાંથી ઉતરેલા શખ્સોએ વેપારીની આંખોમાં મરચાની ભૂકી નાંખી ૧૦ તોલા દાગીના ભરેલા થેલાની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા.

આ અંગે પાલનપુર ડીવાયએસપી આર. કે. પટેલે જણાવ્યું હતુ કે, વેપારી પોતાના ગ્રાહકના રૂપિયા ચાર લાખના દાગીના લઈને જઈ રહ્યા હતા. ત્યારે લૂંટની ઘટના બની હતી. જેનો ભેદ ઉકેલવા માટે દિલ્હીગેટથી એરોમા સર્કલ વચ્ચેના સીસીટીવી કેમેરાના ફૂટેજની ચકાસણી કરવામાં આવી રહી છે. જોકે, અત્યાર સુધી ગુનેગારોનું પગેરું મળ્યું નથી. પરંતુ પોલીસે આરોપીઓને ઝડપી લેવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

પાલનપુરમાં પડતર માંગણીઓના મુદ્દે શિક્ષકો દ્વારા આંદોલનની ચિમકી

તાલુકા પ્રાથમિક શિક્ષક ઘટક સંઘના ધરણાં

પાલનપુર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના શિક્ષકોએ તેમના પડતર પ્રશ્નોના મુદ્દે પાલનપુર ખાતે ધરણાં કર્યા હતા. અને જો માંગણીઓ નહી સંતોષાય તો ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી હતી.

પાલનપુર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના શિક્ષકોએ તેમના પડતર પ્રશ્નોના મુદ્દે ધરણાં યોજયા હતા. આ અંગે શિક્ષકોએ આક્રોશ પૂર્વક જણાવ્યું હતુ કે, અમારા સાત પડતર પ્રશ્નો અંગે અગાઉ અનેક વખત રજૂઆતો કરી છે. પરંતુ તેમના દ્વારા કોઇ ઉકેલ લાવવામાં આવતો નથી. પરિણામે શિક્ષકોને ભારે અન્યાય થઇ રહ્યો છે. જો આ અંગે ટુંક સમયમાં નિર્ણય લેવામાં નહી આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

નાપડા ગામના ખેડૂતને મરવા મજબુર કરનાર વ્યાજખોરોને પોલીસ છાવરતી હોવાનો આક્ષેપ

પરિવારજનોએ એસપીને રજુઆત કરી

ભિલોડા, તા. ૨૫

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં વ્યાજખોરોનો ત્રાસ એટલી હદે વધી ગયો છે કે પઠાણી વ્યાજ જમા ન કરાવો તો મોતનું આખરી મુકામ સ્વીકારે જ છૂટકો તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે.

ખેતી નિષ્ફળ જતા અને વ્યાજખોરોની પઠાણી ઉઘરાણી શરુ થતા નાસીપાસ થયેલા ભિલોડાના નાપડા ખાલસાના ખેડૂત વજાભાઈ વરતાભાઈ વણઝારા (ઉં.૫૦ વર્ષ)એ ઝેરી દવા પી ને જીવન ટૂંકાવી નાખતા સનસનાટી મચી ગઈ હતી. ખેડૂતને મરવા મજબુર કરનાર વિક્રમ કેશાભાઈ વણઝારા અને રવીન્દ્રસિંહ રાઠોડ વિરુદ્ધ પરિવારજનોએ શામળાજી પોલીસને ફરિયાદ આપતા પોલીસે બંને શખ્સો વિરુદ્ધ ઈપીકો કલમ-૩૦૬, ૫૦૬(૨), ૫૦૪, ૧૧૪ તથા મની લેન્ડર એક્ટ-૨૦૧૧ની કલમ-૫, ૪૦, ૪૨ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ખેડૂત આત્મહત્યાની ઘટનાને ૭ દિવસથી વધુ સમય વીતવા છતાં બંને આરોપીઓ પકડથી દૂર રહેતા પરિવારજનો જીલ્લા પોલીસવડાને રજુઆત કરી બંને આરોપીઓને ઝડપી પાડવા અને ન્યાયની માંગ કરી હતી.

ભિલોડાના નાપડા ખાલસા ગામના વજાભાઈ વરતાભાઈ વણઝારાએ વ્યાજખોરોના ત્રાસથી ઝેરી દવા પી આપઘાત કર્યાની ઘટના પછી શામળાજી પોલીસે વ્યાજખોરો સામે ફરિયાદ નોંધવા આનાકાની કરતા ખેડૂતના પરીવારજનો અને સગા-સંબંધીઓ મૃતક ખેડૂતની લાશ લેવાનો ઇન્કાર કરતા આખરે માંડે માંડે શામળાજી પોલીસે ફરિયાદ નોંધી હતી. ખેડૂતની આત્મહત્યાને ૭ દિવસથી વધુનો સમય થવા છતાં ખેડૂતને આત્મહત્યા કરવા મજબુર કરનાર આરોપીઓને પકડવા માટે પોલીસતંત્રની ઢીલી નીતિ અને દિશાવિહીન તપાસથી પરિવારજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

શામળાજી પોલીસે ત્રણ વાહનોમાંથી વિદેશી દારૂ-બિયરની ૪૭૮૮ બોટલ મળી ૧૬.૮૩ લાખનો જથ્થો જપ્ત

શામળાજી, તા. ૨૫

ગાંધીના ગુજરાતમાં વિદેશી દારૂની ખપતને પહોંચી વળવા બુટલેગરો અવનવા કીમિયા અપનાવી રહ્યા છે. અરવલ્લી-જીલ્લામાંથી ૨૪ કલાકના સમયગાળામાં બે ટ્રક અને એક છોટા હાથી ટેમ્પોમાં ઘુસાડાતો લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂ મળી આવ્યો છે. શામળાજી પોલીસે રવિવારે શામળાજી રતનપુર ચેકપોસ્ટ વિસ્તારમાંથી બે ટ્રકમાંથી ૧૬.૧૧ લાખ અને છોટા હાથીમાંથી ૭૨ હજાર મળી કુલ રૂ.૧૬.૮૩ હજારનો વિદેશી દારૂ ઝડપી પાડી ત્રણ શખ્સોની ધરપકડ કરી અન્ય દારૂ ઘુસાડવામાં સંકળાયેલા શખ્સોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

રવિવારે શામળાજી પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પી.આઈ. મનીષ વસાવા અને તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતાં વેણપુર ગામની સીમમાંથી પસાર થતી ટ્રકને અટકાવી તલાસી લેતા ટ્રકમાંથી વિદેશી દારૂની પેટી નંગ-૧૫૮ કુલ બોટલ-૧૮૯૬ કીં. રૂ.૮૧૬૦૦૦નો જથ્થો જપ્ત કરી હિમ્મતસિંહ અભયસિંહ ચુડાવત અને દિલીપ ઉદયલાલ જાટ (બંને, રહે રાજસ્થાન)ની ધરપકડ કરી ટ્રક અને મોબાઈલ મળી કુલ રૂ.૧૫૧૮૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી ચાલી રહી હતી. તે દરમિયાન અન્ય એક જલાઉ લાકડા ભરી પસાર થતી ટ્રકમાં તલાસી લેતા ગુપ્ત ખાનું બનાવી સંતાડેલ વિદેશી દારૂ અને બિયર બોટલ-ટીન નંગ-૨૭૭૨ કીં. રૂ.૭૯૫૬૦૦ જથ્થો

જપ્ત કરી સતનારાયણ મેનોરિયા (રહે, રાજ.)ની ધરપકડ કરી ટ્રકની કીં. ૭૦૦૦૦૦ મળી કુલ રૂ.૧૪૯૫૬૦૦નો જથ્થો જપ્ત કરી ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અણસોલ ગામની સીમમાંથી છોટા હાથીમાં સંતાડીને લવાતો વિદેશી દારૂની બોટલ નંગ-૧૮૦ કીં. રૂ. ૭૨૦૦૦ જથ્થો જપ્ત કરી મુકેશ ધનરાજ જાટ (રાજ)ની ધરપકડ કરી છોટા હાથી અને મોબાઈલ મળી કુલ રૂ.૨૭૩૦૦૦નો જથ્થો જપ્ત કરી વિદેશી દારૂ છોટાહાથીમાં ભરી આપનાર પુષ્કરલાલ ડાંગી અને લક્ષ્મણ કિશનલાલ જાટ (બંને, રાજસ્થાન) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર લીંભોઈ આદર્શ વિદ્યાલય ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અરવલ્લી, તાલુકા આરોગ્ય અધિકારી મોડાસાના માર્ગદર્શન હેઠળ મેડિકલ ઓફીસર પ્રા.આ. કેન્દ્ર લીંભોઈ તથા ટીમ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ ઉદ્ઘાટન સોમવારે રાખવામાં આવ્યો હતો. આ સમારોહ આરોગ્ય સમિતીના ચેરમેન ડૉ. ચિરાગભાઈ ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખૂલ્લો મુકવામાં આવ્યો હતો. અલ્પેશભાઈ રાવલ હેલ્થ સુપરવાઈઝર દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમની સમજ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષક કૃણાલભાઈએ કર્યું હતું.

મોડાસાના ઉમેદપુર નજીક કાર બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત

બાઈક સવાર યુવતીનું મોત, અન્ય યુવક-યુવતી ગંભીર ઈજાગ્રસ્ત

મોડાસા, તા. ૨૫

મોડાસા-શામળાજી રોડ પર આવેલા ઉમેદપુર ગામ નજીક કારે બાઈકને ટક્કર મારતા બાઈક સવાર બોલુન્દ્રા ગામની ૨૦ વર્ષીય યુવતીનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. બાઈક ચાલક યુવક અને અન્ય યુવતીના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ બંને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડી મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવતીના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રવિવારે સાંજના સુમારે જીવણપુર નજીક ઉમેદપુર નજીક મોડાસાથી બોલુન્દ્રા તરફ જઈ રહેલ બાઈકને ઉમેદપુર ગામ બાજુથી આવી રહેલા કાર (ગાડી.નં.જીજે-૩૧-એ-૪૮૪૨)ના ચાલકે ગફલતભરી રીતે પુરઝડપે હંકારી બાઈકને ધડાકાભેર ટક્કર મારતા બાઈક સવાર ત્રણ વ્યક્તિઓ રોડ પર ફંગોળાઈ હતી જેમાં પીનલ ઉર્ફે

પૂજા હરજીભાઈ સોલંકી (ઉં.૨૦ વર્ષ)ના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે પ્રાણપંખેરું ઉડી ગયું હતું. બાઈક ચાલક યુવક પાર્થ દિનેશકુમાર સોલંકી (રહે, ટીંટોઈ) અને સંજના ઉર્ફે ચકુ દલપતભાઈ વણકરના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતને પગલે દોડી આવેલા લોકોએ બંને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. અકસ્માતના પગલે મૃતક યુવતીના પરિવારજનો અને સગાં-સંબંધી પહોંચી હૈયાફાટ રૂદન કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી.

અકસ્માતને પગલે ઘટનાસ્થળે પહોંચેલી મોડાસા રૂરલ પોલીસે મૃતક યુવતીના મૃતદેહને પીએમ માટે મોડાસા સરકારી દવાખાને ખસેડી રતિલાલ નાથાભાઈ વણકર (ઉં.વર્ષ-૬૭) ની ફરિયાદના આધારે અકસ્માત સર્જી ફરાર કાર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.

ધાનેરામાં રોહિત સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન સમારોહ

ધાનેરામાં આવેલી ડીબી પારેખ હાઈસ્કુલ ખાતે રોહિત સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ઉચ્ચ ટકાવારી મેળવનાર તમામ તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરી સરકારી નોકરી પ્રાપ્ત કરનાર લોકોનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ માં સંતો મહંતો સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

ધુલેટા ગામમાં નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ધુલેટા ગામમાં અંધજન મંડળ સંચાલિત સમતા વિકાસ ટ્રસ્ટ,ઉદય સેવા સંસ્થાન, ભિલોડા, શ્રી જલારામ બાપા ટ્રસ્ટ, ધુલેટાના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. દર્દીઓની આંખની તપાસ કરાઈ હતી. ભિલોડા કોટેઝ હોસ્પિટલ સ્ટાફ પરીવાર ધ્વારા ડાયાબીટીસ, બી.પી.ની તપાસ કરાઈ હતી. ૨૬ દર્દીઓને મોતીયો હોઈ તે પૈકી ૧૦ દર્દીઓને બારેજા આંખની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આંખોના નંબરવાળા ચશ્મા રાહત દરે આપવામાં આવ્યા હતા. ધુલેટા શ્રી જલારામ મંદિર ટ્રસ્ટ, ટ્રસ્ટી મનોજભાઈ, રામસિંહભાઈ, સમતા વિકાસ ટ્રસ્ટના વિજયભાઈ શાહ, ઉદય સેવા સંસ્થાન સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.